# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

માહિતી અધિકાર અધિનીયમ-૨૦૦૫ની કલમ ૪-૧ (ખ) અંતર્ગત

મુદ્દાનં. 1 થી 17 નીમાહિતીનું

## પ્રોએકટીવ ડીસ્કલોઝર

## જાહેર જનતાના માર્ગદર્શન માટે પ્રસિધ્ધ

(તા.૧૮/૦૬/૨૦૨૫ ની સ્થિતીએ અદ્યતન)

@@@@@

# <u>પ્રસ્તાવના</u>

ગુજરાત સરકારશ્રી દ્વારા દરેક જીલ્લામાં નાગરીક અધિકારપત્ર જાહેર કરવાનો નિર્ણય કરેલ હોવાથી આ પ્રસંગે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સ્થિત ગામોના નાગરિકોને પણ વુડાની કામગીરી તથા તેમાં ઉપલબ્ધ કરવામાં આવતી સેવાઓની માહિતી આપતી પુસ્તિકા સમર્પિત કરતા આનંદ અનુભવીએ છીએ.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ કે જે "વુડા" ના ટુકા નામથી ઓળખાય છે તેની સ્થપનાનેતા.૦૧/૦૨/૧૯૭૮ થી ગણતા ચાલીસ વર્ષ પૂર્ણ થયા છે. વુડાની સ્થાપનાનો મુળ ઉદ્દેશ મ્યુનિ.કોર્પો. ની આસપાસના વિકાસશીલ વિસ્તારોમાં સુવ્યવસ્થિત તથા સુઆયોજીત વિકાસ થાય તે છે. આ અંગે વુડા ધ્વારા પ્રથમ ૧૯૭૯ માં મુસદ્દારૂપ વિકાસ યોજના બનાવેલ છે, જે મંજુર થઈ ૧૯૮૪ માં અમલી બનેલ ત્યારબાદ હાલમાં ૨૦૧૨ થી પુનરાવર્તિત વિકાસ યોજના અમલમાં આવેલ છે. જેને આગામી ટૂંક સમયમાં દસ વર્ષ પુર્ણ થવામાં હોવાથી તેને અદ્યતન જી.આઈ.એસ. ટેકનોલોજી આધારિત વિકાસ યોજના તૈયાર કરવાની કામગીરીનું હાલમાં આયોજન હાથ ધરેલ છે. વુડા ધ્વારા તેની વિકાસ યોજનાને અનુરૂપ વિકાસ થાય તે અંગે નિયંત્રીત વિકાસ માટેના પગલા લેવાની સાથોસાથ તેના વિવિધ વિસ્તારોમાં નગર રચના યોજનાઓ બનાવી તે વિસ્તારનો આયોજન બધ્ધ વિકાસ થાય તે માટે કાર્યવાહી હાથ ધરેલ છે. વુડા ધ્વારા પાદરા, સમા, તરસાલી, સેવાસી, વેમાલી, ભાયલી, વિગેરે જેવા વિસ્તારોમાં રસ્તાઓની સુવિધાઓ ઉપલબ્ધ કરેલ છે. પીવાના પાણીની સમસ્યા તથા ડ્રેનેજની સુવિધા ઉપલબ્ધ કરવા અંગે આગામી વર્ષોમાં વિવિધ પ્રોજેક્ટસ હાથ ધરેલ છે. જે ગામો બિલકુલ પ્રવેશ માર્ગથી વંચીત હતા તે ગામોને એપ્રોચ રસ્તાઓ આપવા અંગેની યોજના પણ કાર્યાન્વિત છે. હરિયાળુ વડોદરા બનાવવા બ્યુટીફુલ બરોડા કાઉન્સીલ સાથે મળી વૃક્ષારોપણના પણ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. પાદરા, વેમાલી, ભાયલી, સેવાસી, વિગેરે ગામે આર્થિક રીતે નબળા વર્ગના આવાસ રાહત દરે રહેણાંક મકાનો કેન્દ્ર સરકારની મદદથી કાર્યાન્વિત કરેલ છે. આ ઉપરાંત શહેરી ગરીબો માટે પ્રધાનમંત્રી/મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત કુલ ૮૩૨ ઈ.ડબલ્યુ.એસ. આવાસોની યોજના પૂર્ણ કરેલ છે, જ્યારે આગામી વર્ષમાં ૨૦૨૮ મકાનો બનાવવાનું આયોજન છે.

વુડા આ પ્રમાણે પોતાના કાર્યો / ફરજો બજાવવાના કાર્યોમાં પ્રગતિના પંથે છે. ત્યારે વુડાની કચેરીની મુલાકાતે પધારતા નાગરિકોને વિવિધ સરકારી કામગીરીઓના પ્રસંગે વુડામાં ઉપસ્થિત થવાનો પ્રસંગ બને ત્યારે સરકારી કામગીરીના તબક્કાઓ, જેવા કે કોઈ પ્રકારની પરવાનગીઓ લેવાની હોય છે, તે અંગે શું કાગળો રજુ કરવાના હોય છે. ફોર્મસ ક્યાંથી મળે છે વિ. માહિતીઓ આ નાની પુસ્તિકા રૂપે પ્રગટ કરવાનો આ નમ્ર પ્રયાસ છે. આ પુસ્તિકા પાછળનો મુખ્ય ઉદ્દેશ નાગરીકોને વુડાને લગતી તમામ કામગીરી, તથા કચેરીમાંથી ઉપલબ્ધ માહિતીઓ, પ્રમાણપત્રો, ફોર્મસ, નકશાઓ વિ. નો સંપુર્ણ ખ્યાલ આવે છે. વિવિધ સરકારી કામગીરી માટે સમયબધ્ધ કાર્યક્રમ નક્કી કરી તે માહિતી આપવામાં આવે છે. વુડાની કચેરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ અને નિયમો ૧૯૭૯ અંતર્ગતની જોગવાઈઓને અનુરૂપ કાર્ય કરે છે, તથા તેમાં જણાવેલ કાયદા પ્રમાણેની સમયમર્યાદા

કરતા પણ ઓછા સમયમાં નાગરિકોને જવાબ મળી રહે તે માટે કચેરી સતત પ્રયત્નશીલ છે. હાલમાં જ વુડા ધ્વારા વહીવટમાં ગુણવત્તા તથા ગતિશિલતા આવે તે માટે કોમ્પ્યુટર ધ્વારા વિવિધ સર્ટી. તથા નકશાઓ ખુબ જ ટુંકા સમયગાળામાં મળી રહે તે અંગે કાર્યવાહી કરવામાં આવેલ છે. આ પુસ્તિકાનો લાભ નાગરિકોને મળી રહે અને વુડાની કચેરી ધ્વારા વડોદરાનો શહેરી વિસ્તાર પણ એક આદર્શ વિસ્તાર બને તે માટે પ્રયાસ કરેલ છે તેમાં નાગરિક પણ સહકાર આપશે તેવો અમને વિશ્વાસ છે.

(બી.ડી.ડાવેરા IAS)
મુખ્ય કારોબારી અધિકારી
વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ
વડોદરા.

(અરુણ મહેશ બાબુ IAS)
અધ્યક્ષશ્રી
વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ
વડોદરા.

## :: સેવાકીય બાબતો. ::

**(૧) આર્કિટેકટ રજીસ્ટ્રેશન – સમય મર્યાદા- દિન– 30**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારોમાં વિવિધ હેતુના વિકાસ કામોની વિકાસ પરવાનગી મેળવવા લાયસન્સ ધારક રજીસ્ટર્ડ આર્કિટેકટ / એન્જીનીયર પાસે નકશા બનાવવા આવશ્યક છે. આ અંગે આર્કિટેકશ્રી એ જો વડોદરા મ્યુનિ. કોર્પો. કે કાઉન્શીલ ઓફ આર્કી. નું રજીસ્ટ્રેશન મેળવેલ હોય તો તેની ખરી નકલ, આર્કી. /એન્જી. નું ડીગ્રી સર્ટી. તથા બે ફોટા સહ નિયત અરજી ફોર્મમાં અરજી કરીને રૂ. ૫૦૦૦/- ની ફી ભર્યેથી ૫ વર્ષ માટે રજીસ્ટ્રેશન કરવામાં આવે છે. આ અંગે વુડાની પ્રાવૈધિક (ટેકનિકલ) શાખામાં મળીને નિયત અરજી પત્રકમાં અરજી કરીને લાયસન્સ મેળવી શકાય છે. તેમજ તેની મુદ્દત પણ ૫ વર્ષ માટે વધારી આપવામાં આવે છે.

**(૨) વિકાસ પરવાનગી – સમય મર્યાદા – દિન– 30**

વુડા વિસ્તારમાં સમાવિષ્ટ ગામતળો તથા તેની આજુબાજુના રેવન્યુ વિસ્તારમાં કોઈ પણ પ્રકારનો વિકાસ કરતા પહેલા વુડાની વિકાસ પરવાનગી મેળવવી આવશ્યક છે. આ અંગેની વિગતો નીચે મુજબ છે.

**(અ) ઈંટપજાવો અંગેની પરવાનગી – સમય મર્યાદા – દિન– 30**

વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં કોઈ પણ પ્રકાર (હાથ ભઠ્ઠા અથવા ચીમની ભઠ્ઠા ) ના ઈંટ પજાવો માટે વુડા કચેરી માંથી પરવાનગી મેળવવી આવશ્યક છે. આ અંગે વુડાની કચેરીના એકાઉન્ટ શાખામાંથી રૂ. ૫/- ભર્યેથી ફોર્મ ઉપલબ્ધ થઈ શકે છે. સદર ફોર્મ સાથે સરકારશ્રી ધ્વારા તાજેતરમાં તા. ૧૫-૦૧-૨૦૧૯ ના રોજથી મંજુર કરાયેલા કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર. મુજબના જરૂરી દસ્તાવેજી પુરાવાઓ + નકશાઓ + બાંહેધરી પત્રો સામેલ રાખવાના રહે છે.

**(૧) ઉપરોક્ત પુરાવાઓ + નકશાઓ** નિયત અરજી ફોર્મ સાથે રજુ કરીને ચકાસણી ફી તથા વિકાસ ચાર્જ ભર્યેથી વુડાની કચેરી ધ્વારા ચકાસણી કરવામાં આવશે. આ અંગે વુડાની કચેરીના અધિકારી/ કર્મચારી ધ્વારા સ્થળ ચકાસણી પણ કરવામાં આવશે. સઘળા ડોક્યુમેન્ટસ યોગ્ય જણાયેથી 30દિવસમાં વિકાસ પરવાનગી આપવાનો લક્ષ્યાંક રાખેલ છે. આ અંગેની કાયદાકીય મહતમ સમયમર્યાદા દિન 30 ની છે

.

**(૨) બાંધકામ અંગેની પરવાનગી – સમય મર્યાદા- દિન- 30**

વુડા વિસ્તારમાં સમાવિષ્ટ ગામતળો તથા રેવન્યુ વિસ્તારોમાં કોઈપણ પ્રકારનું બાંધકામ કરતા પહેલા વુડાની વિકાસ પરવાનગી મેળવવી કાયદાનુસાર અત્યંત આવશ્યક છે. વુડાની વિકાસ

પરવાનગી મેળવ્યા સિવાય કરવામાં આવનાર બાંધકામોને બિનઅધિકૃત ગણી પગલા લેવામાં આવે છે. વિકાસ પરવાનગી મેળવવા માટે વુડાની કચેરીના એકાઉન્ટ શાખામાંથી રૂ. ૧૦/- ભરી અરજી ફોર્મ મેળવવાનું હોય છે. તથા ટેકનિકલ શાખામાંથી વિનામુલ્યે વિકાસ ચાર્જનું ફોર્મ ઉપલબ્ધ છે. સદર બન્ને અરજીપત્રકો ભરી તેમાં અરજદાર તથા રજીસ્ટર્ડ આર્કીટેક્ટ / એન્જીનીયર સહી સિક્કા કરાવીને સી.જી.ડી.સી.આર. માં જણાવેલ દસ્તાવેજી પુરાવાઓ, નકશાઓ, જમીન માલિકની વિગતો સહ રજુ કરવાના રહે છે.

<u>(૩) ઉપરોક્ત નિયત અરજીફોર્મ, દસ્તાવેજી પુરાવાઓ અને નકશાઓ</u> (ત્રણ નકલમાં) રજુ કર્યેથી વુડા ધ્વારા ચકાસણી કરવામાં આવશે. જો જમીન વર્ગીકૃત રસ્તા પર હશે તો સંબંધીત કચેરીનો અભિપ્રાય મેળવવામાં આવશે જો જમીન કેનાલ કે રેલ્વેની નજીક હોય, જમીનમાંથી ઈલેક્ટ્રીક લાઈન કે ઓ.એન.જી.સી. લાઈન કે અન્ય લાઈન પસાર થતી હશે તો તે અંગે પણ સંબંધીત કચેરીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહે છે. જી.આઈ.ડી.સી. વિસ્તારમાં હશે તે જી.આઈ.ડી.સી. નું એન.ઓ.સી. તથા પોલ્યુટીંગ ઈન્ડસ્ટ્રી હશે તો ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. ઉપરોક્ત સઘળા ડોક્યુમેન્ટસ યોગ્ય જણાશે તથા અભિપ્રાયો મળી ગયેથી જો નકશા નવા કમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર. પ્રમાણે યોગ્ય હશે તો સત્વરે વિકાસ પરવાનગી આપવામાં આવશે. આ અંગે વુડાના કર્મચારી/અધિકારી દ્વારા સ્થળનિરીક્ષણ પણ કરવામાં આવશે. વિકાસ પરવાનગી પ્રકરણોમાં મહતમ સમયમર્યાદા 30 દિવસમાં નિર્ણય લેવામાં આવે છે.

## <u>(ક) પ્લીન્થચેક – સમય મર્યાદા- દિન- ૧૦</u>

વુડામાંથી વિકાસ પરવાનગી મેળવ્યા બાદ પ્લીન્થ સુધીનું બાંધકામ પુર્ણ થયેથી પ્લીન્થચેક મેળવવું ફરજીયાત છે. આ અંગે જી.ડી.સી.આર.માં પ્લીન્થ ચેક અંગે દર્શાવેલ અરજીફોર્મ, આર્કીટેકટ સર્ટી, સ્ટ્રકચરલ એન્જી. રીપોર્ટ સાથે વુડામાંથી મેળવેલ વિકાસ પરવાનગી પત્ર તથા નકશાની નકલ રજુ કરી સાથે જરૂરી ચકાસણી ફી ભરવાની રહેશે. અરજી રજુ થયેથી દિન-૧૦ માં વુડાના કર્મચારી દ્વારા ચકાસણી કરવામાં આવશે તથા વિગતો યોગ્ય જણાયેથી દિન-૧૦ માં પ્લીન્થ ચેક આપવામાં આવશે.

## <u>ડ) ઓક્યુપન્સી સર્ટી – સમય મર્યાદા – દિન- ૨૧</u>

વુડામાંથી મેળવેલ વિકાસ પરવાનગીને અનુરૂપ બાંધકામ પુર્ણ કરી તેનો ઉપયોગ શરૂ કરતા પહેલા વુડા પાસેથી ઓક્યુપન્સી સર્ટી. મેળવવું ફરજીયાત છે. આ અંગે સ્થળે બાંધકામ પુર્ણ થયેથી આ અંગે સી.જી.ડી.સી.આર.માં દર્શાવેલ લોરાઇઝ /હાઇરાઇઝના ફોર્મ ભરી જરૂરી રજીસ્ટર્ડ, આર્કીટેકટનું પ્રમાણપત્ર, સ્ટ્રકચરલ એન્જીનીયરનો રીપોર્ટ, ચકાસણી ફી ભરી રજુ કર્યેથી વુડાના કર્મચારી દ્વારા

દિન ૧૦ માં સ્થળ ચકાસણી કરવામાં આવશે. તથા વિગતો સ્થળ ઉપર અને નકશા અનુસાર યોગ્ય જણાયેથી દિન-૨૧ માં ઓક્યુપન્સી પ્રમાણપત્ર આપવામાં આવશે.

## 3) વુડામાંથી ઉપલબ્ધ સર્ટીફીકેટ / નકશાઓ :

**અ) ઝોન સર્ટીફીકેટ : દિન-૩**

વુડા કચેરીના ડ્રોઇંગ બ્રાન્ચમાં કચેરી સમય દરમ્યાન અરજદારોની જમીનોના ઝોનની મૌખીક માહીતી મેળવી શકાય છે તથા વધુમાં ડ્રોઇંગ બ્રાન્ચમાં ઉપલબ્ધ વિના શુલ્કનું ફોર્મ ભરી તે સાથે જરૂરી ગામ અને સર્વે નંબર/અંતીમ ખંડનં. ની વિગતો ભરી સર્વે નંબરદીઠ નીયત ફી ભર્યેથી લેખીત સર્ટી. દિન-૩ માં ઉપલબ્ધ કરવામાં આવશે.

**બ) ડી.પી. અને ટી.પી.પ્લાન :- સમય મર્યાદા દિન-૩**

વુડાની કચેરીમાં ડ્રોઇંગ શાખામાં વિનામુલ્યે ડી.પી.અને ટી.પી. પ્લાન માટેના ફોર્મસ ઉપલબ્ધ છે. તેમાં સર્વે નંબર/બ્લોકનં./અંતીમખંડ નંબર તથા ગામની વિગતો ભરી એકાઉન્ટ બ્રાન્ચમાં સર્વે નંબર દીઠ જરૂરી ફી ભર્યેથી ઉકત પાર્ટ પ્લાન તથા જો જમીન વુડાની નગરરચના યોજનામાં હોય તો ફાઇનલ પ્લોટનો નકશો તથા એફ.ફોર્મ/બી ફોર્મ દિન-૩ માં ઉપલબ્ધ કરવામાં આવશે.

## ૪) વુડામાંથી આપવામાં આવતા અભિપ્રાયો:

અ) જુની મંજુર તથા નવી પુનરાવર્તીત વિકાસ યોજનાના ઝોન (એક જ પત્રકમાં વુડાની પ્રાવૈધિક (ટેકનિકલ) શાખામાં જોઇતી માહીતી અંગે કોરા કાગળોમાં અરજી કરી વિગતો જણાવ્યેથી જરૂરી ફી ગણી આપવામાં આવશે જે ફી ભરી જરૂરી વિગતો સહની અરજી રજુ થયેથી દિન-૭ માહીતીમાં આપવામાં આવે છે.

બ) ગામ વુડામાં આવે છે કે કેમ તેની વિગતો : સમય મર્યાદા-દિન-૩

વુડામાં પ્રાવૈધિક (ટેકનિકલ) શાખામાં વુડા વિસ્તારમાં આવતા ગામો તથા તેની વસતી આધારિત ૩૦૦/૬૦૦ મીટરના અંતરમાં સ્થિત જમીનોમાં મળવાપાત્ર ઉપયોગ અંગેના અભિપ્રાયો સાદા કાગળમાં અરજી કરીને નિયત ફી એક રે.સ.નંબર/બ્લોક નંબર દીઠ રૂ.૩૦૦/- + જી.એસ.ટી.ની રકમ ભર્યેથી દિન-૩ માં પ્રત્યુત્તર/અભિપ્રાય પત્ર આપવામાં આવે છે.

ક) ઝોનને અનુરૂપ ઉપયોગો/સી.જી.ડી.સી.આર.ની જોગવાઇઓ બાબતે અભિપ્રાય:સમય મર્યાદા-દિન-૭

ડ) વડોદરા મ્યુનિ.કોર્પો. વિસ્તારના વિકાસ ચાર્જની ગણત્રી: સમય મર્યાદા-દિન-૩

વડોદરા મ્યુનિ.કોર્પો. વિસ્તારની જમીનોમાં કોઇપણ પ્રકારનો વિકાસ કરતા પહેલા અરજદાર વુડા કચેરીમાં વિકાસ ચાર્જની ગણતરી કરાવી વિકાસ ચાર્જ ભરપાઇ કરી, વિકાસ ચાર્જનું પ્રમાણપત્ર મેળવી તેની નકલ સહ વડોદરા મ્યુનિ.કોર્પો.કચેરીમાં અરજી કરવાની હોય છે. આ અંગે વુડા કચેરીની ડ્રોઇંગ શાખામાં વિનાશુલ્ક ઉપલબ્ધ ફોર્મ મેળવી તે ભરી તે સાથે રજીસ્ટર્ડ આર્કીટેકટ પાસે બનાવડાવેલ નકશા રજુ કર્યેથી ટેકનીકલ શાખામાંથી વિકાસ ચાર્જ ગણત્રી કરી આપવામાં આવે છે. તથા વિકાસ ચાર્જ ભર્યા બાદ વિકાસ ચાર્જ ભર્યાનું લેખીત પ્રમાણપત્ર અરજદાર દ્વારા માંગણી કરાયેથી દિન-૩ માં આપવામાં આવે છે.

**<u>ઇ) વિકાસ પરવાનગી નકલો, વિકાસ ચાર્જ પ્રમાણપત્રની નકલો: સમય મર્યાદા-દિન-૩</u>**

વુડામાંથી મેળવેલ વિકાસ પરવાનગી પત્ર, વિકાસ ચાર્જ ભર્યાનું પ્રમાણપત્ર વિગેરે દસ્તાવેજો માટે અરજદાર દ્વારા સાદા કાગળમાં અરજી કરી નિયત ફી ભર્યેથી દિન-૩ માં નકલો મેળવી શકાશે.

**<u>એફ) વિવિધ કચેરીઓમાંથી મંગાવાતા પ્રમાણપત્રો/અભિપ્રાયો:</u>**

વિવિધ કચેરીઓ જેવી કે કલેકટરશ્રીની કચેરી, મામલતદાર કચેરી, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, યુ.એલ.સી.કચેરી, ઇન્કમટેકસ ખાતા,ડી.આઇ.એલ.આર. તથા સીટી સર્વેની કચેરી વિ.માંથી વિવિધ અભિપ્રાયો/માહીતી વુડામાંથી મંગાવાતી હોય છે. જે અંગેની નીચેના સમયપત્રક પ્રમાણે જુનિયર નગર નિયોજકશ્રી પાસેથી મેળવી શકાશે.

૧) ઝોનને લગતા અભિપ્રાય દિન-૧૫
૨) જમીનની ફાળવણીને લગતા અભિપ્રાય દિન-૧૫
૩) સાઇટ પ્લાન તથા નકશાઓની વિગત દિન-૧૫
૪) જવલનશીલ, પેટ્રોલીયમ, ફટાકડા સંગ્રહ જેવાને લગતા અભિપ્રાય દિન-૧૫
૫) અંતર કે હદ બાબતેનો અભિપ્રાય પત્ર દિન-૧૫

## -: <u>વિકાસ ચાર્જની વસુલાત બાબત</u>:-

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૯૯ અને ૧૦૦ ની જોગવાઇ હેઠળ વુડાના વિકાસ દરો તા.૨૧/૧૨/૧૯૯૧ થી અમલમાં છે. સુધારા અધિનિયમ ગુજરાત – ૧૧ ઓફ ૨૦૧૪ ની કલમ ૧૬ હેઠળ મહત્તમ વિકાસ દર વસુલ કરવાની જોગવાઈ થયેલ છે. આથી પ્રવર્તમાન વિકાસ દરોમાં સુધારો કરવા વુડાની ૨૩૬ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૪૯૨ થી ઠરાવવામાં આવેલ, જે પરત્વેનુ અધિસુચન સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરાવી તા.૧૨/૦૫/૨૦૧૮ ના રોજ બે સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરી વાંધા સુચનો મેળવવાની કાર્યવાહી કરવામાં આવેલ. જેમાં સમય મર્યાદામાં કોઈ વાંધા-સુચનો મળેલ નથી. આથી તા.૧૭/૧૨/૨૦૧૮ ના પત્ર ક્રમાંક યુડીએ/પ્લાન-૬/અ/૩૬૧/૨૦૧૮/થી સરકારશ્રીમાં મંજુરી માટે દરખાસ્ત પાઠવવામાં આવેલ છે. જેની મંજુરીની અપેક્ષાએ તેનો અમલ કરવા નીચે મુજબના દરો વસુલ કરવા કચેરી આદેશ કરવામાં આવે છે. જેનો અમલ સદરહુ કચેરી આદેશની તારીખથી કરવાનો રહેશે. જે પ્રકરણો અત્રેની કચેરીમાં હાલમાં કાર્યવાહી હેઠળ છે તેવા વિકાસ પરવાનગી/રિવા. વિકાસ પરવાનગી/વપરાશ પરવાનગી તેવા પ્રકરણો તા.૧૫/૦૧/૨૦૧૯ ના રોજથી અમલમાં આવે તે રીતે તફાવતની રકમ વસુલ કરવાની રહેશે.

### <u>અનુસુચિ</u>

| અ. નં. | વિગત | વિકાસ ચાર્જનો દર રૂપિયા પ્રતિ ચો.મી. | | |
|---|---|---|---|---|
| | | વિસ્તાર-૧ | વિસ્તાર-૨ | વિસ્તાર-૩ |
| | | વડોદરા શહેરનો કેન્દ્રીય વિસ્તાર | વડોદરા શહેરી કરણ વિસ્તાર પૂર્વ ને.હા.બાયપાસ તેમજ પશ્ચિમ સુચિતવેસ્ટર્ન બાયપાસ વચ્ચેનો વિસ્તાર | પુર્વ ને.હા.બાયપાસ અને પશ્ચિમ સુચિત વેસ્ટર્ન બાયપાસ બહારનો પરંતુ વુડાની હદની અંદરનો વિસ્તાર |
| (a) | રહેણાંક જમીન | ૪ | ૪ | ૧ |
| | રહેણાંક બાંધકામ | ૨૦ | ૨૦ | ૧૦ |
| (b) | વાણિજય જમીન | ૮ | ૮ | ૪ |
| | વાણિજય બાંધકામ | ૨૦ | ૨૦ | ૧૦ |
| (c) | ઇન્ડસ્ટ્રીયલ જમીન | ૮ | ૮ | ૬ |
| | ઇન્ડસ્ટ્રીયલ બાંધકામ | ૨૦ | ૨૦ | ૨૦ |

| | | | | |
|---|---|---|---|---|
| (d) | અન્ય હેતુ જમીન | ૫ | ૫ | ૫ |
| | અન્ય હેતુ બાંધકામ | ૧૦ | ૧૦ | ૧૦ |

## : સેવાકીય કામગીરીના દર :

| અ.નં. | સેવા – કામગીરીના દર | વસુલ કરવામાં આવતા દરની રકમ વત્તા GST અલગથી |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧ | ઝોન સર્ટી / ઝોન અભિપ્રાય / પ્રતિ રે. સર્વે નંબર / અંતિમ ખંડ નંબર | રૂ. ૩૦૦ |
| ૨ | વિકાસ યોજનાનો પાર્ટ પ્લાન (૧ સેમી. = ૩૮.૪૦ મીટર)<br>સર્વે નંબર / બ્લોક નંબર/ અંતિમ ખંડ નંબર દીઠ | રૂ. ૪૦૦<br>રૂ. ૨૦૦ (લાગુ નંબર માટે નંબરદીઠ વધારાના) |
| ૩ | મંજુર + અમલી વિકાસ યોજનાના નકશાની નકલ<br>વિકાસ યોજના (પુનરાવર્તિત) ની સોફ્ટ કોપી (કોમ્પેક્ટ ડીસ્કમાં) | રૂ. ૨૦૦૦/- પ્રતિ ગામ અને / અથવા નગર રચના યોજના દીઠ<br>રૂ. ૭૫૦૦/- |
| ૪ | ટી.પી. પાર્ટ પ્લાન એક ફા. પ્લોટના (સ્કેલ ૧ સેમી.=૨૦ મીટર)<br>એક કરતા વધારે લાગુ ફા. પ્લોટ દીઠ (સ્કેલ ૧ સેમી = ૨૦ મીટર) | રૂ. ૪૦૦/-<br>રૂ. ૨૦૦/- |
| ૫ | ટી.પી. સ્કીમની માપણી શીટ<br>એક ફા. પ્લોટના<br>(સ્કેલ ૧ સેમી = ૪ મીટર) | રૂ. ૫૦૦/- |
| ૬ | ટી.પી. સ્કીમ મુજબનું ફોર્મ –બી / ફોર્મ એફ.<br>એક ફા. પ્લોટના એક કરતા વધારે ફા. પ્લોટના | રૂ. ૪૦૦/-<br>રૂ. ૩૦૦/- |
| ૭ | વિકાસ યોજનાનો સ્ટ્રકચર પ્લાન<br>મોટો (૮૦ સે.મી. x ૧૧૦ સે.મી.) | રૂ. ૭૫૦/- |

| | | |
|---|---|---|
| | નાનો (૫૫ સે.મી. x ૮૦ સે.મી.) | રૂ. ૫૦૦/- |
| ૮ | ડીપી રીપોર્ટ અથવા અન્ય પ્રસિધ્ધ કરાયેલા અહેવાલની નકલ | રૂ. ૩/- પ્રતિ પાના દીઠ<br>રૂ. ૬/- (એ-૪ / લીગલ) (એ-૩ સાઈઝ) |
| ૯ | વિકાસ પરવાનગી / પ્લીન્થ સર્ટી / ઓક્યુપન્સી સર્ટીની ખરી નકલ મંજુર થયેલ વિકાસ પરવાનગીના નકશાની (નકશા દીઠ નકલ) | રૂ. ૨૦૦/-<br>રૂ. ૭૫૦/- |

૧.૧૩વિકાસ પરવાનગી મેળવ્યા સિવાય વિકાસ પરવાનગીને પાત્ર વિકાસ કામ બદલ વસુલ કરવાપાત્ર થતી દંડનીય ચકાસણી ફી.

| |
|---|
| CGDCR મુજબ |

૧.૧૪ આર્કિટેક / એન્જીનીયરની લાયસન્સ ફી / રજીસ્ટ્રેશન ફી

| |
|---|
| CGDCR મુજબ |

૧.૧૫સર્વીસ અને એમીનીટીઝ ફી

ખેતી ઝોન તથા ગામતળ થી નિયત અંતરની બહાર સ્થિત થતા વિકાસ કામની વિકાસ પરવાનગી પ્રકરણોએ એમીનીટીઝ ફી ની રકમ પ્રતિ ચોરસ મીટર દીઠ (પાર્કિંગ માટેના ભોયરાના તથા હોલો પ્લીન્થ પાર્કિંગ સિવાયના Habitable Built up Areaમાટે) રૂ. ૩૦૦/- લેખે એમીનીટીઝ ફી વસુલ લેવામાં આવશે અને સદરહું એમીનીટીઝ ફી ટી.પી. સ્કીમની નેટ ડીમાન્ડની રકમ સામે સરભર કરવા પાત્ર રહેશે. ચેરીટેબલ ટ્રસ્ટની માલિકીના જ્યારે નોંધણી કરાયેલા ધાર્મિક, શૈક્ષણીક, ધર્માદા હેતુના વિકાસકામ તેમજ સરકારી અને અર્ધ સરકારી વિકાસ કામના કિસ્સામાં સર્વીસીઝ એન્ડ એમીનીટીઝ ફી ની રકમ રૂ. ૧૫૦/- પ્રતિ ચોરસ મીટર પ્રમાણે વસુલ કરવામાં આવશે.સદરહું બાબતે CGDCR ની જોગવાઈમાં થતા ફેરફારને આધિન છે.

**૧.૧૬નેટ ડીમાન્ડની રકમ જે તે ટી.પી. સ્કીમની દરખાસ્ત પ્રમાણે વખતો વખત ઓક્યુપન્સી પ્રમાણપત્ર સમયે ભરવાપાત્ર રહેશે.**

સરકારશ્રી ધ્વારા તા. ૧૫-૦૧-૨૦૧૯ ના રોજના જાહેરનામાથી મંજુર કરાયેલા નવા CGDCR ની જોગવાઈ મુજબ વુડાની કચેરીમાં લેવામાં આવતી વિવિધ પ્રકારની ફી / વિકાસ ચાર્જનું ધોરણ નીચે મુજબ છે, જે વખતો વખત ફેરફારને પાત્ર રહેશે.

| ૧ | વિકાસ પરવાનગી પ્રકરણોએ વસુલ કરવામાં આવતી વિકાસ પરવાનગી ફી / ડીપોઝીટ | દર |
|---|---|---|
| ૧.૧ | વિકાસકામના ક્ષેત્રફળ દીઠ ચકાસણી ફી (રહેણાંક /૨૫ મીટરની ઉંચાઈ સુધી | રૂ. ૧૦/- પ્રતિ ચોરસ મીટર |
| ૧.૨ | ૨૫ મીટરથી વધુ ઉંચાઈ તથા રહેણાંક અને વાણિજ્યના સંયુક્ત વિકાસ કામ માટે | રૂ. ૧૫/- પ્રતિ ચોરસ મીટર |
| ૧.૩ | લઘુત્તમ ચકાસણી ફી (૧૨૫ ચો.મી. ના પ્રકરણ સહિત) | રૂ ૧૦૦૦/- કેસ ફાઈલ દીઠ |
| ૧.૪ | પ્લીન્થચેક પ્રમાણપત્ર ફી (ગ્રાઉન્ડ ફ્લોરના ક્ષેત્રફળ ઉપર) | રૂ. ૫/- પ્રતિ ચોરસ મીટર |
| ૧.૫ | ઓક્યુપન્સી પ્રમાણપત્ર ફી (રહેણાંક / ૨૫ મીટરની ઉંચાઈ સુધી) | રૂ. ૧૦/- પ્રતિ ચોરસ મીટર |
| ૧.૬ | ઓક્યુપન્સી પ્રમાણપત્ર ફી (રહેણાંક / મીક્સ ડેવલપમેન્ટ / ૨૫ મી. થી વધુ ઉંચાઈના વિકાસકામ માટે) | રૂ. ૧૫/- પ્રતિ ચોરસ મીટર |

| | | |
|---|---|---|
| ૧.૭ | રીન્યુઅલ ફી (સમય મર્યાદાની અંદર) | નવા CGDCR ૩.૧ પ્રમાણે પાના નં. ૩૬, ભાગ -૧ અને રૂ. ૩૦૦/- પ્રતિ ચોરસ મીટર |
| ૧.૮ | દંડનીય રીન્યુઅલ ફી (સમય મર્યાદાની મુદત વીતી ગયા પછી ઉપરોક્ત ૧.૭ પ્રમાણે) | |
| ૧.૯ | એમીનીટી ફી (શૈક્ષણીક અને માન્ય ચેરીટેબલ ધાર્મિક હેતુ સિવાય) | |
| ૧.૧૦ | લેબર સેસ | રૂ. ૩૦/- પ્રતિ ચોરસ મીટર |
| ૧.૧૧ | ટ્રી-પ્લાન્ટેશન / ડીપોઝીટ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૦/૦૩/૨૦૧૦ ના રોજના હુકમ ક્રમાંક :- વનમ-૧૦૦૮-૩૨૬૦- એલ મુજબ | પ્રતિ ૨૦૦ ચોરસ મીટર ના ત્રણ વૃક્ષ પ્રમાણે પ્રતિ વૃક્ષ દીઠ રૂ ૫૦૦/- |

સરકારશ્રીના સંબંધિત ખાતા પાસે નોંધણી કરાવેલા ચેરીટેબલ ટ્રસ્ટની માલિકીના દવાખાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, શાળા, કોલેજ, ધાર્મિક હેતુના તથા ધાર્મશાળા, હોસ્ટેલ વિગેરે ધ્વારા રજુ કરવામાં આવતા

વિકાસ પરવાનગી પ્રકરણો એ અનુક્રમ નંબર ૧.૧ અને ૧.૨, ૧.૩ ની રકમના ૫૦% ના રાહત દરે ફી વસુલ કરવાપાત્ર રહેશે.

**૧.૧૭** પેમેન્ટ એફ.એસ.આઈ. / પ્રીમીયમ એફ.એસ.આઈ.

સરકારશ્રી ધ્વારા મંજુર કરાયેલા કમ્પ્રીહેન્સીવજી.ડી.સી.આર. ની નીચે જણાવેલ જોગવાઈ પ્રમાણે પેમેન્ટ એફ.એસ.આઈ.ની રકમ વસુલ કરવાપાત્ર રહેશે.

(અ) રહેણાંક, વાણિજ્ય તથા અન્ય કોઈ પણ વિકાસ કામ માટે સંબંધીત અંતિમખંડ નંબર / રે.સ. નંબર/ બ્લોક નંબર પ્રમાણેના પ્રવર્તમાન જંત્રીના ૪૦% લેખેની રકમ સત્તામંડળ ધ્વારા વસુલ કરવામાં આવશે.

(બ) રહેણાંક હેતુના પરંતુ એફોર્ડેબલ હાઉસિંગ માટે નીચે જણાવેલ દરે પેમેન્ટ એફ.એસ.આઈ. / પ્રીમીયમ એફ.એસ.આઈ. વસુલ કરવામાં આવશે.

(૧) ૫૦ ચો.મી. સુધીના એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ -૧૦ ટકા

(૨) ૫૦ ચો.મી. થી વધુ પર૬તુ ૬૬ ચોરસ મીટર સુધીના એકમ ક્ષેત્રફળ માટે - ૨૦ ટકા

(૩) ૬૬ ચો.મી. થી વધુ પરંતુ ૯૦ ચો. મી. ના એકમ ક્ષેત્રફળ માટે -૪૦ ટકા

(૪) વાણિજ્ય હેતુના વિકાસ કામ ક્ષેત્રફળ -૪૦ ટકા

**૧.૧૮પ્રિમિયમ એફ.એસ.આઈ. ચાર્જિસમાં આપવામાં આવતા વ્યાજ સહિતના હપ્તામાં વ્યાજ ઘટાડવા તથા મુદત વધારવા**

બોર્ડ બેઠક નં. ૨૪૭, તા.૧૬/03/૨૦૨૧ ના ઠરાવ નં. ૨૭૪૨ મુજબ: વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં રજુ થતા વિકાસ પરવાનગી પ્રકરણોમાં પ્રિમિયમ એફ.એસ.આઈ.ફી ની રકમ રૂ. ૨૫ લાખથી મોટી રઅકમના કિસ્સાઓમાં અરજદારશ્રી હપ્તાની માંગણી કરે તો ઔડાની પ્રવર્તમાન પધ્ધતિ અનુસાર વાર્ષિક ૧૨ % દરની પધ્ધતિ મુજબ વ્યાજની ગણતરી કરવા અંગે તથા ક્રેડાઈ અને માન. મુખ્ય મંત્રીશ્રીની રજુઆત ધ્યાને લઈ હાલની એક વર્ષ સુધાની હપ્તા આપવાની પધ્ધતિમાં ફેર કરી કોવિડની પરિસ્થિતિ ધ્યાને લઈ મહત્તમ ૩ વર્ષની સમય મર્યાદા અથવા પ્રથમ પાર્ટ ઓક્યુપન્સી સર્ટીફિકેટ મેળવતી વખતની તારીખ પૈકી જે પહેલા હોઈ તે સમય સુધીના હપ્તા અઅપવા તથા અરજદારશ્રીએ જમા કરાવેલ એડવાન્સ ચેકો પૈકી કોઈ પણ કારણોસર બાઉન્સ થાય ત્યારે તેવા કિસ્સા વિલંબિત થયેલ સમયગાળા પુરતુ વધારાના ૬ % વાર્ષક દરે એટલેકે, વાર્ષિક ૧૮% ના વ્યાજ દરે બાકીની રકમ વસુલ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

૧.૧૯ ઈંટો પાડવાના ભઠ્ઠાની મંજુરી મેળવવા માટે રૂ. ૧૦૦૦/- પ્રતિ ૦.૧૦ હેક્ટર પ્રમાણેની ફી સત્તામંડળ ખાતે ભરપાઈ કરવાની રહે છે.

૧.૨૦ બિલ્ડીંગની વિકાસ પરવાનગી કરતા ફેરફાર વાળા હેતુ માટેના વિકાસ કામ બદલ નીચે જણાવેલ દરે હેતુફેર ફી આવશ્યક ફાયર સેફ્ટી અને પાર્કિંગની જોગવાઈ કરવાની રહેશે અને નીચે દર્શાવેલ રકમ વસુલ થવાને પાત્ર રહેશે.

| | | |
|---|---|---|
| (અ) | મેળવેલ વિકાસ પરવાનગી પ્રમાણે પરંતુ ઝોન અને CGDCRS પ્રમાણે મળવાપાત્ર ઉપયોગો માટે. | વિકાસ પરવાનગી પ્રકરણે વસુલ થવાપાત્ર ચકાસણી ફી ની રકમના પાંચ ટકા પ્રમાણે |
| (બ) | મેળવેલ વિકાસ પરવાનગીમાં આંતરિક ફેરફાર કરીને કરેલ પરંતુ એફ.એસ. આઈ. બિલ્ટ અપ લાઈન, લોકેશનમાં ફેરફાર કર્યા સિવાય. | વિકાસ પરવાનગી પ્રકરણે વસુલ થવાપાત્ર ચકાસણી ફીની રકમના બે ગણા. |

| તા.૨૧-૦૩-૨૦૧૬ ના જાહેરનામા અન્વયે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓની વિગત | | |
|---|---|---|
| ટેકનિકલ શાખા | | |
| અ.નં. | વિગત | ઉપલબ્ધથવાનો સમયગાળો |
| 1. | એન્જીનીયર/ આર્કીટેક્ટ/ સ્ટ્રકચર ડીઝાઈનર રજીસ્ટ્રેશન | ૩૦ દિવસ |
| 2. | વિકાસ પરવાનગી<br>• રહેણાંક (વ્યક્તિગત)ની બિલ્ડિંગ પરમીશન<br>• રહેણાંક (સોસાયટી/કોમ્પલેક્ષ)ની બિલ્ડિંગ પરમીશન<br>• ઔધ્યોગીક / કોમર્શીયલ/અન્યની બિલ્ડિંગ પરમીશન | ૩૦ દિવસ |
| 3. | પ્લીન્થ ચેક | ૧૦ દિવસ |
| 4. | ઓક્યુપેશન સર્ટીફીકેટ / બાંધકામ વપરાશ પરવાનગી | ૨૧ દિવસ |
| 5. | ઝોનસર્ટીફીકેટ | ૩ દિવસ |
| 6. | સાઈટપ્લાન | ૩ દિવસ |
| 7. | જુનીમંજુરતથાનવીપુનરાવર્તિતવિકાસયોજનાનાઝોન (એક જ પત્રકમાં) | ૩ દિવસ |
| 8. | ગામ વુડામાંઆવેછે કે કેમ? તેની વિગત | ૩ દિવસ |
| 9. | ઝોનનેઅનુરૂપ ઉપયોગો/જીડીસીઆરની જોગવાઈઓ બાબતેઅભિપ્રાય | ૭ દિવસ |
| 10. | પ્રમાણપત્રનીનકલો | ૩ દિવસ |
| 11. | વિવિધઅભિપ્રાયો (વિવિધસરકારી કચેરીઓને લગતા) | ૧૫ દિવસ |

# ગુજરાત જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર

# અધિનિયમ-૨૦૧૩ હેઠળના સેવા પુરી પાડનાર અધિકારીશ્રીઓની વિગત.

નં. યુડીએ/એડીએમ/૧૧૫૨ /૨૦૨૨
તા. ૦૪/૧૦/૨૦૨૨

<u>વાચ્યા :</u>

(૧) RTI એકટ-૨૦૦૫ ની કલમ-૩ અને ૪
(૨) અત્રેના હુકમ ક્રમાંક યુડીએ/એડીએમ/૧૦૯૫/૨૦૨૨, તા.૦૬/૦૯/૨૦૨૨

<u>હુકમ</u> :-

માહિતીનો અધિકાર અધિનિયકમ-૨૦૦૫ ના અમલીકરણ માટે અને આ અધિનિયમની જોગવાઇઓને આધીન રહીને.તમામ નાગરિકોને માહિતીનો અધિકાર છે. અને કલમ-૪(૧) એકટ હેઠળ દરેક જાહેર સત્તામંડળોએ પોતાનું માળખું , જવાબદારીઓ, વ્યવસ્થાતંત્ર, કાર્યો, ફરજો, જેવી સઘળી બાબતોને કલમ-૪(ખ) હેઠળ પ્રો-એકટીવ ડીસ્કલોઝર મુદા નં. ૧ થી ૧૭ જાહેર કરવાના રહે છે. અને કલમ-૫(૧),(૨) હેઠળ મદદની જાહેર માહિતી અધિકારીઓ, માહિતી અધિકારીઓ તથા કલમ-૧૯(૧) હેઠળ અપીલ અધિકારીઓ મુકકર કરવાના રહે છે. જે મુજબ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા, જાહેર સત્તામંડળ તરીકે કાર્યરત છે.

અત્રેના જાહેર સત્તામંડળમાં, RTI –એક્ટ-૨૦૦૫ ની કલમ-૫(૧),(૨) હેઠળ મદદની જાહેર માહિતી અધિકારીઓ, માહિતી અધિકારીઓ તથા કલમ-૧૯(૧) હેઠળ અપીલ અધિકારીની ફરજોની કામગીરી માટે અત્રેના સંદર્ભ-૨ આદેશ તા.૦૬/૦૯/૨૦૨૨ અન્વયે નીચે મુજબના અધિકારીઓની નિયુકતિ કરવામાં આવેલ છે.

જાહેર સત્તામંડળનું નામ: વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા
કચેરીનું સરનામુ : વુડા ભવન, એલ એન્ડ ટી સર્કલ, વી.આઇ.પી રોડ, કારેલીબાગ, વડોદરા
ઇમેઇલ-આઇડી.નં : <u>cea vuda@ yahoo. com</u>
કચેરી ફોન.નં : ૦૨૬૫- ૨૪૬૬૭૧૦/૭૧૫/૭૧૭

| અનુ.નં. | શાખાનું નામ | કામગીરી | મદદનીશ માહિતી અધિકારીશ્રી / વર્ગ | માહિતીઅધિકારીશ્રી / વર્ગ | અપીલઅધિકારીશ્રી |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | વહીવટી શાખા | વહીવટી, મહેકમ, રેવન્યુ ને લગતી તમામ કામગીરી | APIO: <u>વર્ગ-૨</u><br>૧. શ્રી કે.એમ.રાઠોડ<br>મામલતદાર | <u>PIO : વર્ગ-૧</u><br>શ્રી કે.એન.પટેલ<br>ઇ.ચા.ના.કલેકટર | શ્રી ટી.વાય.ભટ્ટ<br>IAS<br>મુખ્ય કારોબારી અધિકારી<br>શહેરી વિકાસ સત્તામંડળ<br>વડોદરા |
| ૨ | ટેકનીકલ શાખા | ટેકનીકલ સર્વે/ ડ્રોઇંગશાખાને લગતી તમામ કામગીરી | APIO: <u>વર્ગ-૨</u><br>૧.શ્રીમતી ઉપાસના પંચાલ<br>જુ.નગર નિયોજક<br>૨.સુ.શ્રી.ટોલીયા અવનીબેન<br>જુ.નગર નિયોજક<br>૩.શ્રી ગૌરાંગ.દેસાઇ<br>જુ.નગર નિયોજક | <u>PIO : વર્ગ-૧</u><br>શ્રી એમ.જી.સોલંકી<br>પ્રવર નગર નિયોજકશ્રી | |
| ૩ | ઇજનેરી શાખા | એન્જીનીયરીંગ શાખાને લગતી તમામ કામગીરી | APIO: <u>વર્ગ-૨</u><br>૧. પટેલ કૃપલબેન હરેશભાઇ<br>ના.કા.પા.ઇજનેર<br>૨. સિદીકી હુમા અતિકુર<br>ના.કા.પા.ઇજનેર<br>૩.શ્રી અમન ઘનશ્યામભાઇ પટેલ<br>ના.કા.પા.ઇજનેર<br>૪.શ્રી ધવલ.જી.પાઠક<br>ના.કા.પા.ઇજનેર | <u>PIO : વર્ગ-૧</u><br>શ્રી કે.એન.પટેલ,<br>કા.પા.ઇજનેર | |
| ૪ | હિસાબી શાખા | હિસાબીશાખાને લગતી તમામ કામગીરી | APIO: <u>વર્ગ-૨</u><br>૧.શ્રી આર.બી.પરમાર<br>ઇ.ચા હિસાબી અધિકારી | <u>PIO : વર્ગ-૧</u><br>શ્રી રતિલાલ બી.ચૌધરી<br>હિસાબી અધિકારી. | |

RTI –એક્ટ-૨૦૦૫ ની કલમ-૪ હેઠળ દરેક જાહેર સત્તામંડળના વડાએ વર્ગ-૨ ના અધિકારીશ્રીઓને જાહેર માહિતી અધિકારીઓ અને તે ઉપરના સંબંધિત ઉપરી અધિકારી વર્ગ-૧ ને અપીલ અધિકારી તરીકે ગણવાના રહે છે.

સબબ, ઉકત બાબતે એકંદર હકીકતોને વિચારણા કરતા વંચાણ-(૧) માં નિર્દિષ્ટ થયેલ હુકમ તા.૦૬/૦૯/૨૦૨૨ ને રદ કરવામાં આવેલ છે. અને નીચે મુજબના વિવધ વિભાગ / શાખાઓના વર્ગ-૨ ના અધિકારીઓને જાહેર માહિતી અધિકારીઓ અને વર્ગ-૧ ના અધિકારીઓને અપીલ અધિકારી તરીકે જાહેર કરવામાં આવે છે અને તે મુજબ તેઓશ્રીઓની નિયુકતિક કરવામાં આવે છે.

| અનુ.નં. | શાખાનું નામ | કામગીરી | વર્ગ-૨ કક્ષાના જાહેર માહિતી અધિકારીશ્રીનો હોદો | વર્ગ-૧ કક્ષાના અપીલ અધિકારીઓ નો હોદો |
|---|---|---|---|---|
| ૧ | વહીવટી શાખા | વહીવટી, મહેકમ, રેવન્યુને લગતી તમામ કામગીરી | મામલતદારશ્રી, વર્ગ-૨ | નાયબ કલેકટરશ્રી વર્ગ-૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ટેકનીકલ શાખા | ટેકનીકલ સર્વે/ ડ્રોઈંગશાખાને લગતી તમામ કામગીરી | જુનીયર નગર નિયોજકશ્રી વર્ગ-૨ ( તમામ) (શાખા અધિકારીશ્રી ધ્વારા દફતરી આદેશ મુજબ વહેંચણી થયેલ કામગીરી /ગામોની સઘળી કામગીરી મુજબના વર્ગ-૨ ના અધિકારશ્રીઓ) | પ્રવર નગર નિયોજકશ્રી વર્ગ-૧ |
| ૩ | ઇજનેરી શાખા | એન્જીનીયરીંગ શાખાને લગતી તમામ કામગીરી | નાયબ કાર્ય પાલક ઇજનેરશ્રી, વર્ગ-૨ ( તમામ) (શાખા અધિકારીશ્રી ધ્વારા દફતરી આદેશ મુજબ વહેંચણી થયેલ કામગીરી /ગામોની સઘળી કામગીરી મુજબના વર્ગ-૨ ના અધિકારશ્રીઓ) | કાર્યપાલક ઇજનેર શ્રી વર્ગ-૧ |
| ૪ | હિસાબી શાખા | હિસાબીશાખાને લગતી તમામ કામગીરી | હિસાબી અધિકારી, વર્ગ-૨ | હિસાબી અધિકારી, વર્ગ-૧ |

ઉકત વર્ગ-૨ ના જાહેર માહિતી અધિકારીશ્રીઓ તથા વર્ગ-૧ ના અપીલ અધિકારીશ્રીઓ તરીકે ફરજો, કાર્યો કરવાના રહેશે. અને તે મુજબ સઘળું રેકર્ડ નિભાવણી, જાળવણી, સાંચવણી, કરવાની રહેશે. અને તેને ઇલેકટ્રોનિક સ્વરુપમાં ઉપલબ્ધ કરવાની રહેશે.

સ્થળ : વડોદરા
તારીખ : ૦૩ /૧૦/૨૦૨૨

URBAN DEVELOPMENT AUTHORITY * VADODARA *

શ્રી ટી.વી.ભટ્ટ
IAS
મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

પ્રતિ,
સબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓ/ અપીલ અધિકારીશ્રીઓ (હોદા જોગ)

સવિનય નકલ રવાના : (૧) નિયામકશ્રી, જાહેર માહિતી આયોગ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૨) નાયબ સચિવશ્રી, શ.વિ.અને શ.ગ્ર.નિ.વિભાગ,સચિવાલય,ગાંધીનગર

નકલ રવાના : શાખા અધિકારીશ્રીઓ (૧)નાયબ કલેકટરશ્રી (૨) પ્રવર નગર નિયોજકશ્રી (૩) કાર્યપાલક ઇજનેરશ્રી (૪) હિસાબી અધિકારીશ્રી) તરફ જાણ જાણ-વ-અમલ થવા સારુ..

અનુ. (૧) વુડા કચેરીના વર્ગ-૧ થી ૪ નાં કર્મચારીઓની યાદી

| અધિકારીશ્રી / કર્મચારીશ્રી વર્ગ-૧,૨,૩,૪ | | | |
|---|---|---|---|
| અ.નં. | અધિકારી કર્મચારીનુ નામ / | હોદ્દો | ઓફિસ ફોન ન. |
| ૧ | શ્રી અરુણ મહેશ બાબુ IAS | અધ્યક્ષશ્રી | 0265/2466710-15-17 |
| ૨ | શ્રી બી.ડી.ડાવેરા IAS | મુખ્ય કારોબારી અધિકારી | 0265/2466710-15-17 |
| ૩ | શ્રી કે.આર.ચૌધરી | નાયબ કલેક્ટર | 0265/2466710-15-17 |
| ૪ | શ્રી એસ.એમ.પંડ્યા | પ્રવર નગર નિયોજક | 0265/2466710-15-17 |
| ૫. | શ્રી કે.એન.પટેલ | કાર્યપાલક ઇજનેર | 0265/2466710-15-17 |
| ૬. | શ્રી એચ.એમ. બાદી | ઇ.ચા હિસાબનિશ અધિકારી વર્ગ-૧ | 0265/2466710-15-17 |
| ૭ | શ્રી પિનાંક પટેલ | નગર નિયોજક | 0265/2466710-15-17 |
| ૮ | કુ. કે.પી.પટેલ | મામલતદાર | 0265/2466710-15-17 |
| ૯ | સુ.શ્રી પટેલ કૃપલબેન એચ | નાયબ કાર્યપાલક ઇજનેર | 0265/2466710-15-17 |
| ૧૦ | શ્રી અમન જી પટેલ | નાયબ કાર્યપાલક ઇજનેર | 0265/2466710-15-17 |
| ૧૧ | શ્રી ધવલ જી પાઠક | નાયબ કાર્યપાલક ઇજનેર | 0265/2466710-15-17 |
| ૧૨ | શ્રી જયેશકુમાર એન.ચૌહાણ | નાયબ કાર્યપાલક ઇજનેર | 0265/2466710-15-17 |
| ૧૩ | શ્રીમતી રિંકીતાબેન એમ ચૌધરી | જુનિયર નગર નિયોજક | 0265/2466710-15-17 |
| ૧૪ | શ્રી અનિલભાઈ એમ પ્રજાપતિ | જુનિયર નગર નિયોજક | 0265/2466710-15-17 |
| ૧૫ | શ્રી એમ.એમ.તાઈ | જુનિયર નગર નિયોજક | 0265/2466710-15-17 |
| ૧૬ | શ્રી ભાવિન પરમાર | જુનિયર નગર નિયોજક | 0265/2466710-15-17 |
| ૧૭ | સુ શ્રી ડી.એમ.ચૌહાણ | નાયબ મામલતદાર | 0265/2466710-15-17 |
| ૧૮ | શ્રી મનિષકુમાર એસ ભગોરા | એ.એ.ઇ | 0265/2466710-15-17 |
| ૧૯ | શ્રી યશ જયેશકુમાર શાહ | પ્લાનિંગ આસીસ્ટન્ટ | 0265/2466710-15-17 |
| ૨૦ | શ્રી ફાલ્ગુની આર સોનેરી | પ્લાનિંગ આસીસ્ટન્ટ | 0265/2466710-15-17 |
| ૨૧ | શ્રી નીલયકુમાર એમ લાલપુરવાલા | પ્લાનિંગ આસીસ્ટન્ટ | 0265/2466710-15-17 |
| ૨૨ | શ્રી જયદીપ એમ ચૌહાણ | પ્લાનિંગ આસીસ્ટન્ટ | 0265/2466710-15-17 |
| ૨૩ | શ્રી દિવ્યેશભાઇ વેલજીભાઇ જીન્જાળા | પ્લાનિંગ આસીસ્ટન્ટ | 0265/2466710-15-17 |

| | | | |
|---|---|---|---|
| ૨૪ | શ્રી ખુશી શૈલેષભાઈ પટેલ | પ્લાનિંગ આસીસ્ટન્ટ | 0265/2466710-15-17 |
| ૨૫ | શ્રી ભાર્ગવી પી. પટેલ | પ્લાનિંગ આસીસ્ટન્ટ | 0265/2466710-15-17 |
| ૨૬ | શ્રી જય જશવંતભાઈ પટેલ | પ્લાનિંગ આસીસ્ટન્ટ | 0265/2466710-15-17 |
| ૨૭ | શ્રી કિરીટ ભીલ | ડ્રાઈવર | 0265/2466710-15-17 |
| ૨૮ | શ્રી મનોજ પવાર | પટાવાળા | 0265/2466710-15-17 |
| Vadodara Urban Development Authority, Vuda Bhavan, Vadodara. | | | |

| અફોડેબલ હાઉસિંગ સેલ | | | |
|---|---|---|---|
| **અ.નં.** | **કર્મચારીનુ નામ** | **હોદ્દો** | **ઓફિસ ફોન ન.** |
| ૧ | શ્રીમતી જાગૃતિ.આર.દત્તા | સોશિયલ ડેવલોપમેન્ટ સ્પેશયાલિસ્ટ | 0265/2466710-15-17 |
| ૨ | શ્રી ઘનશ્યામભાઈ.ગજ્જર | હા.એન્ડ ફા.પોલીસી સ્પેશીયાલીસ્ટ | 0265/2466710-15-17 |
| ૩ | શ્રી રાજેશ.વૈષ્ણવ | એમ.આઇ.એસ. સ્પેશીયાલીસ્ટ | 0265/2466710-15-17 |

## ::T.P/DP-સેલ:

| અ.નં. | કર્મચારીનુ નામ | હોદ્દો | ઓફિસ ફોન ન. |
|---|---|---|---|
| ૧. | સ્વેતા કટવાલ | (GIS-એનાલિસ્ટ) | 0265/2466710-15-17 |
| ૨. | સ્નેહા પટેલ | (GIS- એનાલિસ્ટ) | 0265/2466710-15-17 |
| ૩. | સપના સંત | (પ્લા. આસી.) | 0265/2466710-15-17 |
| ૪. | સોલંકી દીપકુમાર રાજેશભાઈ | (પ્લા. આસી.) | 0265/2466710-15-17 |